Extra No. 241

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JUNE 26, 2025 / ASADHA 5, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૪/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૦૬૩ થી ૭૦૯૬/૨૦૨૪, તા. ૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૫૯/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૬૩૨ થી ૭૬૬૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા ધ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે. અને આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીગ સંસ્થાઓ, એ. ટી. એમ સેન્ટરો, મલ્ટીપ્લેક્સ થિયેટરો, લોજીંગ-બોડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શિયલ સેન્ટરો સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી/હિલચાલ કરી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતિ સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓના બનાવો બનતા અટકાવી શકાય તે હેતુસર ઉપરોક્ત તમામ જગ્યાઓએ સી. સી. ટી. વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડિંગ સિસ્ટમ રાખવા શરતોને આધિન જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઇ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિઓ જેવી કે ચોરી, ધાડ, લુંટ, ચીલઝડપ જેવા મિલકત સબંધી

ગુન્હાઓ બનતા અટકાવી શકાય અને ગુન્હા બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી ઉપરોક્ત તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડિંગ સિસ્ટમ સાથે લગાડવા સારૂ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું, સી. કે. ઉંધાડ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ. ટી. એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્સ થિયેટર, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શિયલ સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડિંગ સિસ્ટમ સાથે લગાડવા નીચે જણાવેલ સુચનાઓને અનુલક્ષીને વ્યવસ્થા કરવા ફરમાવું છું.

(૧) જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ. ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્સ થીયેટર, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શિયલ સેન્ટરો, પેટ્રોલ પંપો તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેંકિંગ સંસ્થાઓએ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શિયલ સેન્ટરોમાં આવતા-જતા તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા, નાઇટ વિઝન કેમેરા હાઇ ડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી, કેમેરા (નાઇટ વિઝન તથા હાઇડેફીનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછો ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) ઉપરોક્ત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) ઉપરોક્ત જણાવેલ સ્થળોના પાર્કિગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય એ રીતે કેમેરાઓ ગોઠવવા.

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૫/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૦૯૭ થી ૭૧૩૦/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૬૦/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨ થી ૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૬૬૭ થી ૭૭૦૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની યોગ્ય ચકાસણીના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે અને તે સીમકાર્ડના આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય તે બાદમાં ગુન્હામાં વપરાયેલ મોબાઈલ અન્યને વેચી દેતા હોય જે ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે, એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાંની માહિતીનું રજિસ્ટર નિભાવવા અંગે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું, સી. કે. ઉંધાડ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ તમામ મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન ખરીદ-વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર-વેચનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ ખરીદ-વેચાણ સંદર્ભમાં ખરીદ-વેચાણ કરનારના નામ સરનામાની માહિતીનું નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા ફરમાવું છું.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ ફોન વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની નું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૬/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૧૩૧ થી ૭૧૬૪/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૬૭/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

પ્રસ્તાવના

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૭૦૨ થી ૭૭૩૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈન્પુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. જે જોતાં આતંકવાદીઓ સાથે સંકળાયેલ સ્ત્રી/પુરૂષ જે તે વિસ્તારમાં સ્લિપર સેલ તરીકે કામ કરતા હોય છે અને તેવા સ્ત્રી/પુરૂષ પોતાનો ઈરાદો પાર પાડવા માટે જે તે જગ્યાએ રહેવા માટે કોઈને પણ ત્યાં ઘરઘાટી, કામવાળી તરીકે કામ કરવાની નોકરી મેળવતા હોય છે અને તે પછી આવા ઘરઘાટી તથા કામવાળી મહિલાઓ જેને ત્યાં કામ કરે છે તે મકાન માલીકની રજે-રજની માહિતીથી વાકેફ થઈ બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ, અપહરણ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ આચરવામાં પોતે મદદગાર થાય છે અને કરે કરાવે છે. તેમજ આતંકવાદી સંસ્થાઓને પણ માહિતી પહોંચાડતા હોય છે.

ઘરઘાટી તથા કામવાળી મહિલાઓને પોતાને ત્યાં કામે રાખ્યા પછી તેમજ કામ છોડીને બીજે ક્યા કામે જવાના છે તે અંગેની માહિતી મકાન માલિકો રાખતા નથી અને જે તે પોલીસ સ્ટેશનમાં માહિતી આપતા નથી. જેથી જ્યારે કોગ્નીઝેબલ તેમજ મિલકત સબંધી વિગેરે ગુનાઓ બને છે ત્યારે ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આ ઘરઘાટી અને કામવાળી મહિલાને પોતાને ત્યાં કામ કરવા મોકલેલ હતા જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના તમામ મકાન માલિકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કામે રાખતી વખતે આ ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે પોતાને ત્યાં કામે રાખેલ તે વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે તો ઉપરોક્ત તમામ અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તેમ છે. જેથી તે અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા સંદર્ભ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું, સી. કે. ઉંધાડ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ તમામ મકાન માલિકોને પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કામે રાખતી વખતે આ ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે પોતાને ત્યાં કામે રાખેલ તે વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની માહિતી નીચે મુજબના ફોર્મમાં ભરી, સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા ફરમાવું છું.

ઘરઘાટી અને કામવાળી મહિલાઓને રાખવા અંગેનુ ફોર્મઃ-

(૧) ઘરઘાટી અને કામવાળી મહિલાનું નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ફોટોગ્રાફ :-

(૨) ઘરઘાટી અને કામવાળી મહિલાને કોની ઓળખાણથી પોતાને ત્યાં કામે રાખેલ તે વ્યક્તિનું નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ફોટોગ્રાફ તેમજ આઈડી પ્રુફ સામેલ રાખવું :-

(૩) ઘરઘાટી અને કામવાળી મહિલાને કઈ તારીખથી પોતાને ત્યાં કામે રાખેલ છે :-

(૪) ઘરઘાટી અને કામવાળી મહિલાનો પૂર્વ ઈતિહાસ તથા તેના આધારકાર્ડ કે ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ મેળવી સાથે રાખવી :-

(૫) ઘરઘાટી અને કામવાળી મહિલાનું જે તે પોલીસ સ્ટેશન તરફથી ઈ-ગુજકોપ મારફતે કોઈ ગુનામાં સંડોવાયેલ છે કે કેમ તે ચકાસણી કરી આ કોલમમાં માહિતી ભરવી :-

ઉપરોક્ત ઘરઘાટી અને કામવાળી મહિલાઓનું રજિસ્ટર જે તે પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન અમલદારે પણ નિભાવવાનું રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૭/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૧૬૪ થી ૭૧૯૮/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૬૨/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૭૩૭ થી ૭૭૭૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાનિ, માલ-મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે. જે વાહનો ગેરેજવાળા પાસેથી મેળવવામાં આવતા હોય છે. તેમજ ચોરીના વાહનો ગેરેજવાળા પાસે આવી ચોર ઈસમો વાહનો વેચી દેતા હોય છે તેમજ સ્પેરપાર્ટ છુટા પડાવી અલગ અલગ ગેરેજ ઉપર વેચી દે છે. આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી, સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ સ્કુટર તેમજ જુની મોટર સાયકલો, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, ટ્રક, ટેન્કર વિગેરે વાહનો રિપેરીંગ અંગે જાહેરનામું જાહેર જનતાના હિત માટે બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય તથા વાહનોની ચોરી થતી અટકાવી શકાય. જેથી કોઈપણ સ્કુટર તેમજ જુની સાયકલો, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, ટ્રક, ટેન્કર વિગેરે વાહનો રિપેરીંગ કરવાવાળા તમામ ગેરેજના માલીકોને તે અંગેનું રજિસ્ટર નિભાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું, સી. કે. ઉંઘાડ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ તમામ સ્કુટર તેમજ જુની સાયકલો, થ્રી વ્હીલર, ફોર વ્હીલર ટ્રક, ટેન્કર વિગેરે વાહનો રિપેરીંગ કરવાવાળા તમામ ગેરેજના માલીકોને નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા તથા રીપેરીંગ માટે આવેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ રાખવા ફરમાવું છું.

અ.નં.	રીપેરીંગ કરવા આવનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર	રીપેરીંગ માટે આવનારના આઈ. ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	વાહનમાં શું-શું રીપેરીંગ કરવા માટે આવેલ તે તથા વાહનનો RTO પાસીંગ નંબર	એન્જિન/ચેચીસ નંબર/ મોડલ નંબર/રજિસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંઘાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૮/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૧૯૯ થી ૭૨૩૨/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૬૩/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી//વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૭૭૨ થી ૭૮૦૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગમ્મચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃતિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતિ સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુના સ્કુટર તેમજ સાયકલો, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર ખરીદવા-વેચવા અંગે જાહેરનામું જાહેર જનતાના હિત માટે બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી

બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુની કાર, સાયકલ અને સ્કૂટર વેચનાર વ્યકિતએ તેમજ ખરીદનાર વ્યકિતએ રજીસ્ટર નિભાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું, સી. કે. ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં કોઈપણ જુની કાર, સાયકલ અને સ્કૂટર વેચનાર તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવા તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ રાખવા ફરમાવું છું.

અ.નં	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	જુનું વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર/મોડલ નંબર/ રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૨/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૨૬૭ થી ૭૩૦૦/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૫૭/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

પ્રસ્તાવના

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૭૮૦૩ થી ૭૮૪૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ તથા દેશના અલગ અલગ રાજ્યોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં રાષ્ટ્ર વિરોધી ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો બનેલ છે જે બનાવોને અંજામ આપતા આરોપીઓ મોટે ભાગે રાજ્ય બહારના અને જિલ્લા બહારના હોય છે. જે આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરિક તરીકે ઉપરોક્ત વિષયમાં જણાવેલ દુકાનો, એકમોમાં કામ કરવા સારૂ રોજગારી મેળવવાના બહાને રોજગારી મેળવી, રોકાઈ અને સ્થાનિક ભૌગોલિક પરીસ્થીતીથી વાકેફ થઈ અને ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી રોજગારી મેળવી હોય તે જગ્યાએથી નાસી જતા હોય છે અને તપાસ કરનાર એજન્સીઓ જ્યારે ગુનાઓનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોંચે ત્યારે પાછળથી જાણવા મળે છે કે ગુનો કરનાર વ્યકિતનું પુરેપુરૂ નામ સરનામું, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ, સરનામું તેમજ તેનો અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલિક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. અને નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે.

અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી, સર્વે કરી, બાદમાં જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે અને સ્થાનિક પરીસ્થિતી માહિતીગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં રાજ્ય

બહારના મજુરો, કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં રસોઈયા, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારીઓ મેળવતા હોય છે આવા શંકાસ્પદ વ્યક્તિઓથી તંત્ર નિયમિત રીતે માહિતગાર થાય તેવા શુભ આશયથી જિલ્લા બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ નિયત ફોર્મ ભરી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવે તે અંગે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઇ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પુરી થતી હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી. કે. ઉંધાડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લામાં જિલ્લા બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વગેરેને નીચે મુજબના નમૂનામાં ફોર્મ ભરી કામદારને રાખનાર માલિકે કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા ફરમાવું છું.

રાજ્ય/જિલ્લા બહારના મજુરોને કામદાર તરીકે રાખવા અંગે માલીકે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે તેની નોંધણી અંગેનું નિયત ફોર્મ

(૧) કામદાર તરીકે રાખનાર વ્યક્તિનું નામ :-

સરનામું :-

આઈ. ડી. પ્રુફ :-

મોબાઈલ નંબર :-

(૨) કામદાર તરીકે રહેનાર વ્યક્તિનું નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

(૩) કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મકડદમનું નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

(૪) કામદાર તરીકે અગાઉથી રાખેલ હોય તો તેની પુરી વિગત :-

નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

સમયગાળો :-

(૫) કામદાર તરીકે રાખેલ વ્યક્તિનું કાયમી વસવાટનું નામ :-

સરનામું :-

પોલીસ સ્ટેશનનું નામ :-

(૬) કામદારના વ્યવસાયનું નામ :-

અભ્યાસ :-

(૭) કેટલા સમય માટે રોકાનાર છે :-

કામદાર તરીકે રાખનારની સહીઃ-

કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મકડદમની સહીઃ-

કામદારની સહીઃ-

તા...../...../૨૦

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૩/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૩૦૧ થી ૭૩૩૪/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૫૮/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૭૮૪૨ થી ૭૮૭૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ ગુપ્તચર ખાતાના અહેવાલ તથા અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ. ના કાફલા ઉપર થયેલ આતંકવાદી હુમલો, અસામાજિક તત્વો દ્વારા જમ્મુ કાશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલો મીટરના દાયરામાં "Low-intensity" ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ છે. તે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ. તદઉપરાંત નવી દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાઈલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩/૦૨/૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૦૭/૦૯/૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજ્યમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ અને સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજિક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

જેથી આવા ત્રાસવાદી, અસામાજિક તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે. આ માટે ત્રાસવાદી, અસામાજિક તત્વો જિલ્લાના શહેર તથા અલગ અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠા, હોટલ ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં રસોઈયા, ફેકટરી, કારખાના, નાની-મોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા કારીગરોને રોજગારી આપી રહેણાંક તથા ઉદ્યોગિક વિસ્તારોમાં મકાન/એકમો ભાડે રાખી રહેતા હોય છે અને કામદાર તરીકે રાખતા હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યું છે. જેથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલિકો આવા શંકાસ્પદ વ્યક્તિઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે અને નિયત ફોર્મમાં જણાવ્યા અનુસારની માહીતીથી પોલીસને વાકેફ કરી શકે તે અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી. કે. ઉંધાડ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લામાં મકાનો/એકમો તથા દુકાનો ભાડે આપતા માલિકોએ નીચે મુજબના નમૂનામાં ફોર્મ ભરી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા ફરમાવું છું.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ નર્મદા જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

(મકાન/ટેનામેન્ટ/ફ્લેટસ/ડુપ્લેક્ષ/દુકાન/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પો.ઈન્સ./પો.સ.ઈ.શ્રી ..... પોલીસ સ્ટેશન ..... નર્મદા

તા...../...../.....

મિલ્કત માલીકનું નામ શ્રી/શ્રીમતી .....

જન્મ તારીખ (ઉંમર) ..... સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

મિલ્કત ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી .....

જન્મ તારીખ (ઉંમર) ..... સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

(ભાડે રાખેલ મિલ્કત)નો ફોન નંબર ..... મો. નં.....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ..... રીન્યુઅલ તારીખ .....

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું) .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું.....

ભાડુ કેટલુ ..... ડીપોઝીટ.....

નિયમો :-

(૧) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મિલ્કત માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૩) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૪) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૫) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૬) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૭) બહારના રાજ્યના વ્યક્તિએ આ સાથે રૂા. ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

(૮) મિલ્કત ખાલી કરી ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૯) બને ત્યાં સુધી આપની મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને રાખી આપવી.

(૧૦) મિલકતના માલિક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી/શ્રીમતી .....

એજન્ટનું સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું.....

(૧) ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

(૨) ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	મિલ્કત માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનના સહી સિક્કો અને તારીખ

સાક્ષીની સહી

ભાડુઆતની સહી મકાન માલીકની સહી એજન્ટની સહી

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૦/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૩૩૫ થી ૭૩૬૮/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૫૬/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃએમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૮૭૭ થી ૭૯૧૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતીથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃતિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતિ સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ ભંગારનો સામાન ખરીદવા-વેચવા અંગે જાહેરનામું જાહેર જનતાના હિત માટે બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતા

પહેલાં જ અંકુશમાં લઈ શકાય જેથી કોઈપણ જૂનો ભંગારનો સામાન વેચનાર વ્યકિતએ તેમજ ખરીદનાર વ્યકિતએ રજીસ્ટર નિભાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું, સી.કે.ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૪) થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં કોઈપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના નમૂનામાં રજિસ્ટર નિભાવવા તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાવું છું.

અ.નં	ભંગાર લાવનારના આઈ. ડી. પ્રુફની વિગત	ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું અને મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે લાવ્યા	કેવા-કેવા પ્રકારનું ભંગાર લાવવામાં આવેલ તેની વિગત	ભંગાર કોને વેચવામાં આવ્યું તેનું નામ, સરનામું અને મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે વેચવામાં આવ્યું
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૨૫૧/૨૦૨૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૩૬૯ થી ૭૪૦૨/૨૦૨૪, તા.૨૩/૦૫/૨૦૨૪.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંકઃ એસ.ઓ.જી./જા.નામું/૪૫૫/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૯૧૨ થી ૭૯૪૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે અને આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, ધર્મશાળાઓ, હોમ સ્ટે સહિતના સ્થળોએ રોકાણ કરી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

અત્રેના નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, કરજણ ડેમ, પોઇચા સ્વામીનારાયણ મંદિર, વિદ્યુત મથકો તથા એક-બીજા જિલ્લાને જોડતા મુખ્ય બ્રીજો જેવા મહત્વના એકમો આવેલા છે. જે સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વનુ સ્થાન ધરાવે છે. જેથી સાંપ્રત સમયમાં બનતા ગુન્હા/આતંકવાદી ઘટનાઓને અટકાવવા તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો વ્યવસ્થા સાચવવાના સંજોગોમાં તમામ હોટલોને ચેક કરવાની મેન્યુઅલી કામગીરીને પહોંચી વળવા માટે જિલ્લામાં આવેલ હોટલો/ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, હોમ સ્ટેમાં એક સરખા નોંધણી રજિસ્ટર કાર્યરત કરવામાં આવે તો આંતર રાજ્ય તેમજ આંતર જિલ્લાના ગુન્હેગારો તેમજ આતંકવાદ જેવા ગંભીર બનાવોને અટકાવી શકાય તેમજ બનેલ ગુન્હાઓ શોધવા માટે સમગ્ર જિલ્લાની પોલીસ સંકલનમાં રહી ઓછા સમયમાં પરીણામલક્ષી કામગીરી કરી શકે તેમજ સરળતાથી મોટાપાયે તપાસમાં ઉપયોગી સાબિત થઈ શકે. જેથી હોટલો/ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, હોમ સ્ટેમાં નોંધણી રજિસ્ટરનો ઉપયોગ કરવા અસરકારક અને પરીણામલક્ષી અમલવારી કરવામાં આવે તે સારૂ હોટલ માલિકે ગ્રાહકની એન્ટ્રી નિયત ફોર્મમાં દર્શાવ્યા મુજબના રજિસ્ટરમાં રાખવા એંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી,નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના વંચાણ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તથા સદરહું જાહેરનામાની મુદત પૂર્ણ થતાં, વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોય, પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી જાહેરનામું રીન્યુ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું, સી. કે. ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ (૪) મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ તમામ હોટલો/ગેસ્ટ હાઉસ, ધર્મશાળા હોમ-સ્ટેના રીસેપ્શન કાઉન્ટર પર નીચે મુજબના નમૂનામાં નોંધણી રજિસ્ટર નિભાવવા ફરમાવું છું.

અ. નં.	નામ સરનામું	ઉંમર	ધંધો	સાથેના માણસોની વિગત નામ સરનામું	નાગરીકતા	ક્યાંથી આવ્યા	આવવાની તારીખ અને સમય	ક્યાં જવાના	જવાની તારીખ અને સમય	રૂમ નંબર	વાહન નંબર	ઓળખ અંગેના પુરાવા	વિઝીટરની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તા.૨૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૮/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

// **વંચાણે લીધા** //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/ગણેશ ઉત્સવ/જાહેરનામું/૧૭૫૪/૨૦૨૫, તા.૧૮/૦૬/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૭૫૧૩ થી ૭૫૪૭ /૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે જ્યારે પ્રતિમાઓનું વિસર્જન સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નીકળનાર છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓના કદ બાબતે ઉચાઈનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે તો વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા

કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઉપરાંત મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ થતો હોય, આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પ્રાણીજન્ય જીવો અને માછલીઓને પણ નુકશાન થાય છે

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ય ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી છે તેમ જણાવી સદરહુ તહેવાર દરમ્યાન અમુક કૃત્યો બાબતે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા આમુખ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ આગામી ગણેશ મહોત્સવ તહેવારના સંદર્ભે નીચે મુજબ હુકમ કરૂં છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(1) મૂર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો અને ધાર્મિક રીતે પ્રણાલિકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો. ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરિસ(પી.ઓ.પી.)નો ઉપયોગ કરવો નહીં.

(૨) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે કેમિકલયુક્ત રંગોથી મૂતિઓને કલર કરવો નહીં.

(૩) મૂર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુને બાધ આપવામાં આવે છે.

(૪) શ્રી ગણેશજીની મૂર્તિ બેઠક સહિતની ૯ (નવ) ફૂટ કરતાં વધારે ઉચાઈની બનાવવી, વેચવી કે સ્થાપના કરવી નહીં. મૂર્તિઓની ઉચાઈ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની તા.૧૨/૦૫/૨૦૨૦ ની રીવાઈઝ્ડ ગાઈડલાઈન મુજબ હોવી જોઈશે.

(૫) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવી નહીં.

(૬) મૂર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જવું નહીં.

(૭) મૂર્તિઓની બનાવટમાં કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓવાળી મૂર્તિઓ બનાવવી, ખરીદવી, વેચવી કે સ્થાપના કરવી નહીં.

(૮) નર્મદા જિલ્લાની બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

(૯) મૂર્તિકારો તથા ધાર્મિક સંગઠનોએ મૂર્તિ બનાવવા તેમજ મૂર્તિઓની પૂજા-પાઠ માટે વાપરવામાં આવતી વસ્તુઓ બાબતે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી તા. ૧૨/૦૫/૨૦૨૦ ની આ સાથે સામેલ રીવાઈઝ્ડ ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) ગણેશ સ્થાપના પહેલાં તથા વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો એક દિવસ કરતાં વધારે દિવસ સુધી રાખવા નહીં.

(૧૧) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવું નહીં.

(૧૨) ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કુદરતી પાણીના સ્ત્રોતોમાં ન કરતાં, નિયત કરેલ કૃત્રિમ તળાવોમાં કરવાનું રહેશે.

// વિસ્તાર //

આ જાહેરનામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા.૨૦/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૨૫-૦૬-૨૦૨૫.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 19:08:39 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara